
Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates




# જ્ઞાનનો સ્વતંત્ર સ્વયંવર



: પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન :
શ્રી કુંદકુંદ કહાન સત્ સાહિત્ય પ્રચાર – બોરીવલી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates




ભૂતકાળનાં 'રાજેન્દ્ર', વર્તમાનનાં 'યોગીન્દ્ર', ભાવિના 'જિનેન્દ્ર',

એવા અનંત ઉપકારી

## પૂ. ગુરૂદેવ શ્રી કાનજીસ્વામી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# ।। જ્ઞાનનો સ્વતંત્ર સ્વયંવર ।।

આત્મજ્ઞ, અંતર્નિમગ્ન, સ્વભાવનિષ્ઠ, પરમ પૂજ્ય
**'ગુરુદેવશ્રી'** કાનજીસ્વામીનું દિવાળીનાં માંગલિક પ્રસંગે
થયેલ અતિ ભાવવાહી પ્રાસંગિક પ્રવચન
તા. ૪.૧૧.૧૯૪૫
ગુજરાતી તથા હિન્દી.

–: પ્રકાશક :-

**શ્રી કુંદકુંદ - કહાન સત્ સાહિત્ય પ્રચાર - બોરીવલી**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ. સ. |
|---|---|---|---|
| ૩૧ | ૨૫૩૭ | ૨૦૬૭ | ૨૦૧૧ |

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ગજપંથા સિદ્ધક્ષેત્રે
૧૨૨ મી જન્મજયંતિના મંગલમય પ્રસંગે

✵ પ્રથમ આવૃત્તિ ✵
✵ પ્રત - ૨૦૦૦ ✵
✵ તા. ૦૫-૦૫-૨૦૧૧ ✵
✵ મૂલ્ય - ધારાવાહી સ્વાધ્યાય ✵

♣ પ્રકાશક ત્થા પ્રાપ્તિસ્થાન ♣

**શ્રી કુંદકુંદ - કહાન સત્ સાહિત્ય પ્રચાર - બોરીવલી**

**D - 16/205**, યોગી નગર, એક્સર રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઇ - **400 092**
ફોન - **2863 1155 / 93228 90089**
**E-mail - gnayakforever@gmail.com**

મુદ્રક : સિલ્વર પ્રિન્ટસ્, વસઇ (પૂર્વ).
ટે. - ૦૨૫૦ ૩૨૧૧૩૦૪ / ૦૫



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

This electronic shastra has been donated in memory of Gurudev Shree Kanji Swami's 122th Janma Mahotsav (5 May 2011) by Shree Kundkund Kahan Sat Sahitya Prachar, D-16/205, Yogi Nagar, Eaksar Road, Borivoli (West), Mumbai 400 092 (Phone: 2863 1155/ 9322890089).

## Our request to you:

1) This electronic version of Gnaan No Svatantra Svayamvar is the original copy from which the first paper version was printed. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 5th May 2011 | First Electronic Verision |

# પ્રકાશકીય નિવેદન

આ સમગ્ર પ્રવચન આત્મધર્મ અંક નં. ૨૬ માંથી જેમ છે તેમ લેવામાં આવ્યું છે.

પૂ. ગુરુદેવશ્રીએ આ પ્રવચનમાં ખરેખર જ્ઞાનની દિવાળી કરાવી છે. દરેક આત્માર્થીને વાંચતા, વિચારતાં, અનુભવતાં, અત્યંત હર્ષોલ્લાસ છવાઇ જાય એવું સરળ, સ્પષ્ટ પ્રવચન છે. સરળતાથી આત્માનુભુતી થઇ જાય એવું અમૃતમય પ્રવચન છે.

આ પ્રકાશનમાં ગ. સ્વ. ચંપાબેન વિરજી કરશન નંદુ પરિવાર તરફથી આર્થિક સહયોગ મળ્યો છે, તે બદલ સંસ્થા તેમનો આભાર માને છે.

જગતનાં સૌ કોઇ ભવ્ય જીવો, આ વાતનું રહસ્ય પામી પોતાનાં જ્ઞાનમાં અવધારી, શિઘ્રતાથી મોક્ષને પામે એવી અંતરંગ ભાવનાસહ.

## શ્રી કુંદકુંદ - કહાન સત્ સાહિત્ય પ્રચાર - બોરીવલી

આ પુસ્તક www.AtmaDharma.com
તથા www.vitragvani.com પર ઉપલબ્ધ છે.

### —: શ્રી કુંદકુંદ કહાન સત્ સાહિત્ય પ્રચારના પ્રકાશનો :-

૧. સ્વતંત્રતાનો ઢંઢેરો

૨. સ્વતંત્રતાની પરાકાષ્ટા

૩. સમાધિની સ્વતંત્રતા - ભાગ ૧

૪. સમાધિની સ્વતંત્રતા - ભાગ ૨



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

# –: પ્રાપ્તિ સ્થાન :-

**મુંબઇ**

**બોરીવલી :-**

**શ્રી કુંદકુંદકહાન સત્ સાહિત્ય પ્રચાર**
ડી-૧૬/૨૦૫, યોગી નગર,
એક્સર રોડ, બોરીવલી (વેસ્ટ)
મુંબઇ - ૪૦૦ ૦૯૨.
ફોનઃ **2863 1155 / 9322890089**

**પાર્લા :-**

**શ્રી કવિન્દ્ર ગાલા**
ચોથેમાળે, સિદ્ધિ દીપ,
રુઈયા સ્કુલની સામે,
મહંત રોડ, વિલેપારલે (ઇસ્ટ),
મુંબઇ-૪૦૦ ૦૫૭
ફોનઃ **2610 2865 / 9892238006**

**દાદર :-**

**શ્રી રમેશભાઇ બુરિચા**
૩૦૧, સનશાઈન હાઈટસ,
જ્ઞાનમંદિર રોડ, દાદર (વેસ્ટ),
મુંબઇ - ૪૦૦ ૦૨૮
ફોનઃ **2438 8787 / 9820498454**

**તારદેવ :-**

**ડૉ. દિપકભાઇ શાહ,**
**804,** ડન એપાર્ટમેન્ટ, જે. બી. રોડ,
ભાટીયા હોસ્પિટલની બાજુમાં,
તારદેવ, મુંબઇ - ૪૦૦ ૦૦૭.
ફોનઃ **2388 8380**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

श्री परमात्मने नमः

# પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું દિવાળીનાં માંગલિક પ્રસંગે અતિ ભાવવાહી પ્રાસંગિક પ્રવચન તા. ૪.૧૧.૧૯૪૫

'શ્રી મહાવીરસ્વામી આજે નિર્વાણ પધાર્યા અર્થાત્ સિદ્ધ થયા અને શ્રી ગૌતમસ્વામીને કેવળજ્ઞાન પ્રગટયું - આ પ્રમાણે જ્ઞાનમાં લઈને જીવો નિર્વાણ - કલ્યાણક - મહોત્સવ ઊજવે છે.

શ્રી મહાવીર પ્રભુજી તો ૨૫૨૬ વર્ષ પહેલાં નિર્વાણદશાને પામ્યા હતા છતાં 'આજે જ પ્રભુજી નિર્વાણ પામ્યા' એમ શા માટે કહે છે ?

**ખરી રીતે કોઈ જીવ કેવળજ્ઞાની કે સિદ્ધભગવાનને જાણતા નથી, પણ પોતાની પૂર્ણતાને જાણે છે, પોતાની પર્યાયનું સામર્થ્ય પણ તેવું જ છે તેને વર્તમાન કરીને જાણે છે. કેવળજ્ઞાન અને સિદ્ધદશાના સામર્થ્યને નક્કી કરનારું જ્ઞાન, પોતે વર્તમાનરૂપ છે, અને તે વર્તમાનથી જ જાણે છે, તેથી સામા જ્ઞેયને પણ વર્તમાનરૂપ કરીને જ જાણે છે.** 'સિદ્ધ ભગવંતો ગયા કાળે થઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગયા' એમ નહિ પણ, 'વર્તમાન જ જાણે છે' એમ, વચલા કાળને કાઢી નાખીને, જ્ઞેયરૂપ સિદ્ધ ભગવાનને પણ વર્તમાન જ કર્યા.

**દ્રવ્ય અને ગુણ તો દરેક પર્યાય સાથે જ વર્તમાન અખંડ છે.** મારા દ્રવ્ય - ગુણ અને તેની જાણવારૂપ પર્યાય, એ ત્રણે વર્તમાનમાં જ રહે અને સામા જ્ઞેયમાં, દ્રવ્ય ગુણ - પર્યાયના ખંડ પડી જાય, એમ બને જ નહિ અર્થાત્ જ્ઞેયરૂપ સિદ્ધ ભગવાનની પર્યાય વર્તમાન અને દ્રવ્ય - ગુણ ભૂતકાળમાં - એમ હોય નહિ. પરંતુ જેમ અહીં જ્ઞાન વર્તમાનરૂપ જ છે તેમ, સામે જ્ઞેય પણ વર્તમાનરૂપે જ છે. જ્ઞાન આખા જ્ઞેયદ્રવ્યને વર્તમાન કરીને જાણે છે, એટલે કે પર્યાયના ભૂત, ભવિષ્ય એવા ભેદને છોડીને, બધી પર્યાયોથી અભેદરૂપ આખું જ દ્રવ્ય વર્તમાન છે - એમ જ્ઞાન જાણે છે.

**'ભૂતકાળમાં મહાવીર ભગવાન સિદ્ધ થયા' એમ જ્ઞાન જાણતું નથી પણ 'વર્તમાનજ સિદ્ધ થયા' એમ જાણે છે, તેમાં જ્ઞાન અને જ્ઞેય બન્ને દ્રવ્યની અખંડતાને લક્ષમાં લીધેલ છે. ભૂત કે ભવિષ્યની અવસ્થાથી જ્ઞાન જાણતું નથી, પરંતુ વર્તમાન અવસ્થાથી જ જાણવાનું કામ કરે છે, અને દ્રવ્ય-ગુણ તો વર્તમાનરૂપ જ છે - એ રીતે દ્રવ્ય - ગુણ - પર્યાયથી અખંડ વસ્તુ વર્તમાનરૂપ છે,** અને જો સામી જ્ઞેયવસ્તુ આખી વર્તમાન ન હોય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તો ઉપાદાન - નિમિત્ત (જ્ઞાન - જ્ઞેય) નો મેળ જ થતો નથી.

ભૂત - ભવિષ્યકાળની પર્યાયો છે ખરી, તેની ના નથી, પરંતુ અહીં તો બીજો ન્યાય કહેવો છે. **આજે કઈ શૈલીથી આવે છે તો ધ્યાન રાખજો!** ખ્યાલ કરનાર વર્તમાનથી ખ્યાલ કરે છે કે, ભૂત - ભવિષ્યની પર્યાયથી ખ્યાલ કરે છે? સામા જ્ઞેયનો ખ્યાલ તો વર્તમાનમાં જ કરે છે ને! જેમ અહીં જ્ઞાન વર્તમાન જ છે, તેમ સામા જ્ઞેયમાં પણ ભૂત - ભવિષ્યને ભૂલી જા (ભૂત - ભવિષ્ય પર્યાયના ભેદને છોડીને, સર્વ પર્યાયોથી અખંડરૂપ વસ્તુને, વર્તમાન જ્ઞેયરૂપ કરીને જાણ!) **અહીં ઉપાદાનમાં, એક સમયમાં અખંડ જ્ઞાન - સામર્થ્ય છે અને સામે નિમિત્તરૂપ લોકાલોક પણ એક સમયમાં પૂરા છે. અહીં જ્ઞાન વર્તમાનરૂપ પૂરું હોય અને સામે જ્ઞેય વર્તમાનરૂપ પૂરા ન હોય, એમ બને જ નહિ.**

''એક સમય તે સૌ સમય'' (-શ્રીમદ્જી) એટલે શું? કે : **એક સમયમાં જ વસ્તુ પૂરી છે, બીજા સમયની પૂર્ણતા બીજા સમયે છે અને ત્રીજા સમયની ત્રીજા સમયે છે, એમ દરેક સમયે વસ્તુ પૂરી છે; પણ ઘણા સમય ભેગા થયા પછી વસ્તુની પૂર્ણતા થાય છે, એમ નથી.**

**વર્તમાન જ્ઞાન, વર્તમાન જ્ઞેયને, અખંડ કરીને જાણે**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**છે એટલે ખરેખર તો પોતે, એક સમયમાં આખો વર્તમાન છે તેની કબૂલાત છે.** શું જ્ઞેયવસ્તુનો કોઇ ભાગ, ભૂત - ભવિષ્યમાં વર્તે છે કે, વર્તમાન જ આખું છે? - વર્તમાન જ આખું છે તેથી જ્ઞાનમાં આખું જ્ઞેય આવી જાય છે. કાળનું લંબાણ કરીને ભૂત - ભવિષ્ય પર્યાયના ભેદને લક્ષમાં લેવા તે વ્યવહાર છે. **પરમાર્થથી ગુણ - પર્યાયો સહિત એક જ સમયમાં આખું દ્રવ્ય વર્તમાન છે.** સમયે સમયે થતી પર્યાય, તે અખંડ ગુણ - દ્રવ્યને, એકેક સમયમાં વર્તમાનરૂપ ટકાવી રાખે છે. જેમ કોઇ વસ્તુની પર્યાયને જોતાં જ જ્ઞાનમાં અખંડને પ્રતીતમાં લઇને કહે છે કેઃ આખી વસ્તુ દેખાય છે, એમ જેનું, જેનું જ્ઞાન કરે છે, તેને વર્તમાન આખું બનાવે છે, ભૂત - ભવિષ્ય બાકી રહી જતા નથી, આવો જ્ઞાનસ્વભાવ છે, તેથી 'શ્રી મહાવીર પ્રભુજી પૂર્વે સિદ્ધદશા પામ્યા' એમ ભૂતથી ખ્યાલ નહિ કરતાં, 'પ્રભુજી આજે જ સિદ્ધદશા પામ્યા' એમ વર્તમાન ખ્યાલ કરે છે.

અહો! સિદ્ધદશામાં, આત્મા પરિપૂર્ણ જ્ઞાન-આનંદ દશારૂપે પરિણમી ગયો. સિદ્ધદશામાં પણ આત્માનું ઉત્પાદ-વ્યય -ધ્રૌવ્યપણું હોય છે. ત્યાં પરિપૂર્ણ જ્ઞાન-દર્શન-સુખ-વીર્યાદિ અવસ્થાપણે દરેક સમયે ઉપજે છે, જૂની અવસ્થાનો વ્યય થાય છે, અને સાદી-અનંત સિદ્ધદશામાં, આત્મા ધ્રુવપણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ટકી રહે છે. સિદ્ધભગવાન, રાગાદિ વિકારરહિત, અને શરીરાદિ સંયોગરહિત, પૂર્ણ જ્ઞાન-સુખ વગેરે સ્વભાવરૂપે પરિણમે છે-એમ જે જીવે, પોતાના જ્ઞાનમાં જાણ્યું તે જ્ઞાનમાં અનંત સામર્થ્ય છે. '**એક સમયમાં સિદ્ધ ભગવાન પૂર્ણ છે**' **એમ જે જ્ઞાન નક્કી કરે છે, તે જ્ઞાન એમ પ્રતીત કરે છે કે** '**હું પણ, એક સમયમાં, સિદ્ધ સમાન પૂર્ણ સ્વરૂપી છું.**'

પુણ્ય - પાપથી રહિત અને જ્ઞાનાદિ અનંતગુણોના પિંડરૂપ એકલો આત્મસ્વભાવ, તેની એક શુદ્ધ પર્યાયના પરિપૂર્ણ સામર્થ્યને જેણે પ્રતીતમાં લીધું, તેણે વર્તમાન પર્યાયમાં ભગવાન તરફના વિકલ્પનો રાગ હોવા છતાં, પોતાના જ્ઞાનને, તેનાથી અધિક રાખીને (-જ્ઞાનને રાગથી જુદું પાડીને) પોતાની પર્યાયના અનંત સામર્થ્યનું જ્ઞાન કર્યું. 'આજે પ્રભાતે પ્રભુશ્રીનો આત્મા, પરમ, પવિત્ર, મુક્તદશાને પામ્યો' આવો ભગવાન તરફના લક્ષનો જે વિકલ્પ છે, તે તો રાગ છે, પરંતુ **સિદ્ધ સ્વભાવની એક સમયની પર્યાયનું સામર્થ્ય, પોતાની અસંખ્ય સમયના ઉપયોગવાળી પર્યાયમાં સ્વીકારનારું જીવનું જ્ઞાન અને તે જ્ઞાનના સામર્થ્યની, એક સમયમાં પ્રતીત, તે વિકલ્પથી અધિક (ભિન્ન) થયાં છે; જ્ઞાન અને પ્રતીતરૂપ તે પર્યાય, સ્વભાવ તરફ એકતા કરી છે, અને વિભાવથી અધિકતા (ભિન્નતા) કરી છે.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તે અધિક (ભિન્ન) થયેલા જ્ઞાને, શરીરાદિ સર્વે પરદ્રવ્યોનો તો પોતામાં અભાવ જ બનાવ્યો છે અર્થાત્ એ કોઇ પરવસ્તુને તો, પોતાનું સ્વરૂપ માનતું જ નથી અને સ્વભાવના જોરે, વિકારને તુચ્છ બનાવ્યા છે અર્થાત્ અસ્થિરતામાં વિકલ્પ થાય છતાં, 'આ મને લાભદાયક છે જ નહિ' એવી પ્રતીતથી તે તરફનું જોર તોડી નાખ્યું છે. - આ રીતે પરથી છૂટું અને વિકારથી અધિક (ભિન્ન) થયેલું જેનું જ્ઞાન છે, એવો જીવ અલ્પકાળમાં વિકારનો સંબંધ સર્વથા તોડીને સિદ્ધ થાય છે; એમાં ફેર પડે જ નહિ. પોતાના જ્ઞાન સામર્થ્યના જોરે, વિકલ્પથી અધિક થઇને જે જ્ઞાન આગળ વધ્યું તે વિકલ્પને તોડીને સિદ્ધ થઇ જ જાય.

**વિકલ્પ અને રાગનો દૃષ્ટિમાં તો પહેલેથી અભાવ છે જ, પણ અસ્થિરતામાંય વિકારને તુચ્છ કર્યો. વિકારનો વસ્તુમાં અભાવ, અને અવસ્થામાં તુચ્છતા જેને પહેલેથી, તે જ જીવ, સ્થિરતા દ્વારા, અવસ્થામાં પણ વિકારનો અભાવ કરીને સિદ્ધ થઇ જાય છે.** જેના જ્ઞાનમાં સિદ્ધ ભગવાનના અનંત જ્ઞાનસામર્થ્યની કબૂલાત આવી છે, અને તેને આત્મસ્વભાવની કબૂલાત આવી છે અને જેને આત્મસ્વભાવની કબૂલાત આવી છે, તેને પોતાની સિદ્ધદશાની પણ કબૂલાત આવી છે. કહ્યું છે કે, ''જીવ તે જિનવર ને જિનવર તે જીવ.''

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**આત્માનો સ્વભાવ જાણવારૂપ છે, જેમ છે તેમ આત્મા જાણે, જાણનાર છે તે બધાને જાણે છે, ચૈતન્ય ચોપડામાં 'ન જાણવું' એવું ચિન્હ જ નથી. 'એકલું જાણવું' તેમાં વિકલ્પ ક્યાં રહ્યો ? જાણવામાં વિકલ્પ કરીને અટકવાનું ચૈતન્યનું સ્વરૂપ નથી.** - આમ વિકલ્પને તુચ્છ કરીને પોતાના જ્ઞાનસામર્થ્યને જેણે અધિક કર્યું, તેણે સિદ્ધદશાના પૂરા સામર્થ્યનો ખ્યાલ કર્યો.

**સિદ્ધ ભગવાન, ખરેખર પરને જાણતા નથી, પણ પોતાના જ્ઞાનની અવસ્થામાં, જાણવાની પૂર્ણ શક્તિ પ્રગટી ગઈ, તે પોતાના જ્ઞાનસામર્થ્યને જ જાણે છે, તેવી જ રીતે, સિદ્ધ ભગવાનની પવિત્રતાના સામર્થ્યનો જેણે ખ્યાલ કર્યો તે જીવ પણ, ખરેખર તો 'સિદ્ધ ભગવાનના અનંત સામર્થ્યને નક્કી કરનાર' પોતાની નિર્મળપર્યાયના સામર્થ્યને જ જાણે છે.** પોતાની નિર્મળદશાને વર્તમાનરૂપ કરીને જાણતાં, સામે નિમિત્તરૂપ જ્ઞેય તરીકે અનંત સિદ્ધ ભગવંતો અને તીર્થંકર ભગવંતોને તેમજ, સંતો - મુનિઓને, વર્તમાનરૂપ હાજર કરીને જાણે છે. **સામુ જ્ઞેય, વર્તમાન થયા વગર, વર્તમાન જ્ઞાનપર્યાય તેને જાણે શી રીતે ?**

જુઓ તો ખરા, આ નિર્વાણ - કલ્યાણકનો મહિમા ! 'ભગવાન મહાવીર વગેરે ભૂતકાળમાં સિદ્ધ થયા' એમ હું નથી જાણતો, પણ 'વર્તમાન જ થયા' એમ જાણું છું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એટલે કે, 'જાણે અત્યારે જ સાક્ષાત્ પોતાની સન્મુખપણે જ તેઓશ્રી સિદ્ધ થતા હોય' એવી શૈલીથી કથન કર્યું છે. 'પ્રભુશ્રી આજ મોક્ષ પધાર્યા' એવા વિકલ્પમાં, જો કે પરસન્મુખ વલણ છે, પરંતુ જો તે વલણને તોડીને, જ્ઞાનસામર્થ્ય આગળ વધતું જાય તો જ તે જ્ઞાને, સિદ્ધપર્યાયને જોઈ છે અને પ્રતીતમાં લીધી છે. **સિદ્ધદશાને નક્કી કરનાર જીવ, ખરી રીતે પોતાની પર્યાયના સામર્થ્યને જ જુએ છે. 'સિદ્ધનો આત્મા પરિપૂર્ણ શુદ્ધ શક્તિપણે ઉત્પાદ અને વ્યયથી નિત્ય ટકી રહ્યો છે' તેનો નિર્ણય કરનાર કોણ છે ? જો સૂક્ષ્મતાથી જોઈએ તો, જેણે સિદ્ધનો નિર્ણય કર્યો છે, તેણે પોતાની સિદ્ધદશાનો જ નિર્ણય કર્યો છે અને તે સિદ્ધ થવાનો જ...**

આ 'પ્રવચનસાર' શાસ્ત્રની શરૂઆતમાં શ્રી કુંદકુંદ ભગવાન માંગળિકરૂપે નમસ્કાર કરતાં કહે છે કે, "**તે સર્વને સાથે તથા પ્રત્યેકને પ્રત્યેકને; વંદુ વળી હું મનુષ્યક્ષેત્રે વર્તતા અર્હંતને.**" ૩. જેઓને પોતે નમસ્કાર કરે છે, તેઓને વર્તમાનપણે હાજર કરીને નમસ્કાર કરે છે. આચાર્ય પ્રભુ કહે છે કે, આ મારી મોક્ષલક્ષ્મીના સ્વયંવર સમાન, પરમ નિર્ગ્રંથતાની દીક્ષાનો મહોત્સવ છે, તે સ્વયંવર - મંડપમાં અનંત સિદ્ધો-અરિહંતો - આચાર્યો આદિ પંચ પરમેષ્ટિને વર્તમાનરૂપ કરું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છું, એટલે કે અધૂરી અને પૂરી દશા વચ્ચેનું અંતર કાઢી નાખીને, હું તેમને પ્રણમું છું. અહા! કેટલું અપૂર્વ જોર છે. જાણે કે પંચ પરમેષ્ટિ ભગવંતો સામે સાક્ષાત્ બિરાજે છે અને પોતે તેમની હાજરીમાં મોક્ષદશાને પામે છે - એવા ભાવો ઉતાર્યા છે.

**'પૂર્વે થઈ ગયા તે સર્વને વર્તમાન હાજર કરું છું.' એમાં ખરેખર તો પર્યાય અને દ્રવ્ય વચ્ચેનો આંતરો કાઢી નાખીને, સામાન્ય - વિશેષને એક કર્યા છે, એમાં સ્વભાવદૃષ્ટિનું જોર છે.** 'ભૂતમાં થયા તે સિદ્ધોને વર્તમાન કરું છું' **એમાં પણ ખરેખર પરના સામર્થ્યને જાણતા નથી, પણ પોતાની પર્યાયના પૂર્ણ સામર્થ્યને વર્તમાનરૂપ કરીને પ્રતીતિમાં લ્યે છે.**

શ્રી મહાવીર ભગવંતનો પારિણમિક - સ્વભાવ(રૂપ) ભાવ તદ્દન - શુદ્ધદશા (મુક્તિ) ક્યાંય બહારમાં થઈ ન હતી, પરંતુ આત્મામાં જ થઈ હતી. ''**પાવાપુરીમાં ભગવાન નિર્વાણ પામ્યા અને ઊર્ધ્વશ્રેણિ કરી મોક્ષમાં ગયા'' એ તો બહારનું વ્યવહાર કથન છે; 'ઊંચા ક્ષેત્રે ગયા પછી આત્માની મુક્તિ થઈ' એમ નથી, પરંતુ આત્મા પોતે જ મુક્તદશાસ્વરૂપ થઈ ગયો છે.**

**'આ' આત્માની સિદ્ધદશાના સામર્થ્યનો મહિમા થાય છે;** પરંતુ તે દશાના સામર્થ્યને કોણ કબૂલે છે ? કોણ તેની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રતીત કરે છે ? પુણ્ય - પાપરહિત, ક્રમરહિત, એકેક સમયમાં પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવરૂપે અનંતાનંત કાળ સુધી ઉત્પાદ થયા કરે છે - એવી જે સિદ્ધદશા, તેની જે આત્માએ પ્રતીતિ અને મહિમા કર્યો, તે આત્મા પોતાના નિર્મળસ્વભાવ, જ્ઞાન સિવાય કોનો આદર કરશે ? કોને માનશે ? **જો પોતાના સિદ્ધ સમાન સ્વભાવ - સામર્થ્યનો વિશ્વાસ કરે તો જ તેને સિદ્ધ ભગવાનને જોતાં આવડયું છે. સિદ્ધ ભગવાનને જોનાર અને તેનો મહિમા કરનાર ખરેખર પોતાની - સિદ્ધ ભગવાનના સામર્થ્યને જાણવારૂપ - પર્યાયના સામર્થ્યને જ જુએ છે, અને તેનો જ મહિમા કરે છે. પરમાર્થે કોઇ જીવ પરને જાણતો નથી કે પરનો મહિમા કરતો નથી.**

**ધ્યાન રાખજો ! આજનું ઘૂંટણ જુદી જ જાતનું આવે છે. આ ભાવોને વિચારીને તેનું ખૂબ ઘોલન કરવા જેવું છે, આજે વિષય સારો આવી ગયો છે, અંદરનું ઘૂંટણ બહાર આવે છે. આ દિવાળીનાં માંગળિક ગવાય છે.**

સ્વકાળને (પોતાની અવસ્થાને) સ્વભાવ તરફ વાળવો તે જ સાચી 'દિ-વાળી' છે. 'દિ'-દિવસ-કાળ; તેને પોતાના સ્વભાવ સન્મુખ વાળે ત્યારે સાચી દિવાળી કહેવાય, એટલે કે પોતાની અવસ્થાને સ્વભાવ તરફ વાળીને,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કેવળજ્ઞાનરૂપી સુપ્રભાત પ્રગટયું તે જ મહા મહોત્સવ છે.

ભગવાન શ્રી મોક્ષ પધાર્યા, તેમાં આ આત્માને શું ? તેમજ દેવોએ રત્ન - દીપકો વગેરેથી મોટા મહોત્સવ કર્યા, તેમાં પણ આ આત્માને શું ? પરના કારણે, આ આત્માને લાભ નથી; પરંતુ સિદ્ધ ભગવાનના સામર્થ્યને પ્રતીતમાં લઈને, જેણે તેનો જ અંતરથી મહિમા કર્યો, તે 'સિદ્ધનો લઘુનંદન' થઇ ગયો તે અલ્પકાળમાં સિદ્ધ થાય જ.

**જેણે પોતાના જ્ઞાનમાં, સિદ્ધ ભગવાનનો નિર્ણય કર્યો, તેને સિદ્ધ દશાના નિર્ણય અને તે રૂપ સ્થિરતા વચ્ચે (શ્રદ્ધા અને ચરિત્ર વચ્ચે) ભલે આંતરો તો પડે છે; અને તે આંતરાને એકદમ સ્વભાવ સન્મુખ થતું જ્ઞાન કબૂલ પણ કરે છે; પરંતુ પોતે જે નિર્ણય કર્યો છે તે નિર્ણય 'કબૂલાત' અને 'સ્થિરતા' એવા બે અવસ્થા - ભેદને ભૂલીને, વર્તમાન પૂર્ણ દ્રવ્યને જ પ્રતીતમાં લે છે. દ્રવ્ય સ્વભાવની કબૂલાતનો નિર્ણય તે બે દશા વચ્ચેના અંતરને કે ઊણપને સ્વીકારતો નથી, 'ભવિષ્યમાં સિદ્ધપર્યાય પ્રગટ થશે' એમ ભૂત - ભવિષ્યને યાદ કરતો નથી, પણ દષ્ટિના જોરથી, પર્યાયને દ્રવ્ય સાથે અભેદ કરીને (ભૂત - ભવિષ્યની પર્યાયને દ્રવ્યમાં વર્તમાન સમાવીને) સિદ્ધદશાને વર્તમાનરૂપ જ કરે છે.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**'આ' અપૂર્વ ભાવો કહેવાય છે. 'આ' ભાવોને આત્મા સાથે પરિણમાવવા જેવા છે. આત્માના ભાવ સાથે 'આ' ભાવોને ગોઠવી દેવા.**

**જેને સિદ્ધ ભગવાનની બધા ભવિષ્યકાળની પર્યાયના સામર્થ્યની કબૂલાત આવી તેને સ્વપર્યાયના સ્વસન્મુખપણા વડે વિકલ્પ તૂટયા વગર રહે નહિ.**

મહોત્સવ કરતાં, પ્રથમ સ્વભાવનો મહિમા આવવો જોઈએ, સ્વભાવને ભૂલીને એકલો બહારનો મહિમા કરે તે આત્માને લાભનું કારણ નથી, પણ સ્વભાવના મહિમા સહિત, બહારમાં પણ મહોત્સવ ઊજવે એમાં તો ઉપાદાન - નિમિત્તનો મેળ છે. પોતાના સ્વભાવનો મહિમા કરે, ત્યાં બહારમાં પણ ભગવાનના નિર્વાણ - કલ્યાણક - મહોત્સવ વગેરે નિમિત્તો હોય છે. એક પોતાના સિદ્ધસ્વભાવને કબૂલતાં અનંત સિદ્ધોની કબૂલાત તેમાં આવી ગઈ છે; આ સામર્થ્ય જ્ઞાનની કળાનું છે, બહારના ઠાઠ - માઠનું નથી.

લાખો કરોડો મનુષ્યો આજના દિવસનો મહિમા કરે છે, અને 'અહો ! આજ, પ્રભુજી મુક્ત થયા' એમ ઘણાંને પરનો મહિમા આવે છે; પરંતુ તે સર્વેને જાણનાર એવા પોતાના જ્ઞાનસામર્થ્યનું માહાત્મ્ય આવતું નથી !! **(જો કે) પોતાનું જ્ઞાન**

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



- સામર્થ્ય પોતાના ખ્યાલમાં તો આવે છે પરંતુ અંતરમાં પોતે તેનો વિશ્વાસ કે રુચિ કરતો નથી, પરિણતિને સ્વસામર્થ્ય તરફ વાળતો નથી પણ પરનો મહિમા કરવામાં અટકે છે તેથી જ કેવળજ્ઞાનદશા પ્રગટતી નથી.

ખરી રીતે દરેક વખતે જ્ઞાનની જ ક્રિયા થાય છે, જ્યાં જ્યાં મન, વચન, કાયની ક્રિયા થાય છે ત્યાં ત્યાં સર્વત્ર જ્ઞાનની ક્રિયા થાય છે. મન, વચન, કાયા તો જડ છે. ભગવાન પ્રત્યે મનથી વિકલ્પ, વચનથી સ્તુતિ કે શરીરથી વંદન થાય છે, તેમાં કયા ટાણે જ્ઞાનનું કાર્ય નથી ? કયા આત્મપ્રદેશે જ્ઞાનનું કાર્ય નથી ? દરેક વખતે જ્ઞાન તો સર્વાત્મપ્રદેશે પોતાનું જ કાર્ય કરે છે, જ્ઞાન સર્વવ્યાપક છે, વિકલ્પ વખતે પણ, તેનાથી જુદું રહીને તે પોતાનું કાર્ય કરે છે.

ભગવાન તરફના લક્ષ વખતે, જ્ઞાન ખરેખર તો ભગવાનને જાણતું નથી, પણ ભગવાનનો નિર્ણય કરનાર જે જ્ઞાનસામર્થ્ય છે, તે જ્ઞાન સામર્થ્યને જ પોતે જાણે છે. જે જ્ઞાનના ખ્યાલમાં ભગવાનનું સામર્થ્ય આવ્યું તે જ્ઞાનના સામર્થ્યનું જેને મહાત્મ્ય ન આવે, તે અંતર્સન્મુખતા કરીને, ભગવાન શી રીતે થાય ? સ્વરૂપસન્મુખ થઈને જુએ, તો દરેક વખતે પોતાના જ્ઞાનનું જ પોતે માહાત્મ્ય કરે છે, ક્યારેય પરનું માહાત્મ્ય કરતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પોતાના જ્ઞાનમાં સિદ્ધપર્યાયની પ્રતીત કરીને તેને જ જે ધન્ય માને, તે બીજા કોઈને પણ ધન્ય કેમ માને? જેણે સિદ્ધદશા અને કેવળજ્ઞાનને ધન્ય માન્યા, તે ઈન્દ્રની સામગ્રીને, રત્નના દીપકોને, પુણ્યના વિકલ્પ વગેરે કોઈને પણ ધન્ય માને નહિ.

**આજ તો પૂર્ણાનંદી સ્વરૂપ પ્રસન્ન થઈને કેવળજ્ઞાન પ્રગટે તે ધન્ય છે!** પુણ્યથી સ્વભાવની મોટપ નથી. શું ધર્મનું ફળ પુણ્ય હોય? જેમ છ ખંડનો ધણી ચક્રવર્તી રાજા રીઝે અને પ્રસન્ન થઈને કહે કેઃ મારા સરખું કોઈ કામ બતાવ, માગ, જેટલું જોઈએ તેટલું માગ. તું જે માગ તે હું આપવા સમર્થ છું, માટે મારી પાસેથી માગવું હોય તે માગ! આમ ચક્રવર્તી રાજા પ્રસન્ન થાય અને માગવાનું કહે ત્યારે તેને કહે કેઃ આ મારા આંગણાનું વાસીદું કાઢી નાખ! - એ તો કાંઈ માગ્યું કહેવાય? અરે ભાઈ! તે શું માગ્યું? વાસીદા કાઢવાનાં કામ તે શું ચક્રવર્તી રાજા પાસેથી લેવાતાં હશે?

**તેમ અહીં આખો આત્મસ્વભાવ પ્રસન્ન થાય છે, કોને પ્રસન્ન થાય છે? જે જીવે સિદ્ધ ભગવાનનો નિર્ણય કર્યો અને પોતાના તેવા પરિપૂર્ણ સ્વભાવનો નિર્ણય કર્યો તે જીવને સ્વભાવ પ્રસન્ન થાય છે. જ્યાં સ્વભાવને નિર્ણયમાં લીધો ત્યાં પૂર્ણ સ્વભાવ પ્રસન્ન થઈને કહે છે કેઃ માગ! માગ! જે દશા**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જોઈએ તે આપવા તૈયાર છું. તારાથી થવાય તેટલો થા, જેટલી હદે થવું હોય તેટલી હદે થા. પૂરું સિદ્ધપદ માગ, હું આ જ ક્ષણે તે તને દઉં!** ... આ રીતે જે પર્યાયરૂપે પોતે થવા માગે તે પર્યાય સ્વભાવમાંથી પ્રગટી શકે છે. જ્યાં આખો સ્વભાવ રીઝ્યો છે ત્યાં કેવળજ્ઞાન અને સિદ્ધપદરૂપે થવાને બદલે એમ જે કહે છે કે: મારે તો પુણ્યરૂપે થવું છે! (-અરેરે!) તેને માગતા જ નથી આવડ્યું. 'ચક્રવર્તીને વાસીદાનું કહે' તેમ પૂર્ણ જ્ઞાનસ્વભાવ પાસેથી તે 'વિકારના ફોતરાની' માગણી કરી!! ભાઈ રે! તે શું માગ્યું?? પૂર્ણ સ્વભાવને જેણે નથી જાણ્યો, તે પુણ્યની માગણી કરે છે. પૂર્ણ સ્વભાવમાં તો એક સમયમાં કેવળજ્ઞાન અને સિદ્ધપદપણે થવાની તાકાત છે; તારાથી થવાય તેટલો થા! 'પુણ્યપણે થવું છે' **એમ ન માગ! સિદ્ધપણે થવાની ભાવના કર! અને જેટલો થઈ શકે તેટલો થા! અસ્થિરતા રહી જાય તેને જાણ, પણ તે રૂપે થવાની ભાવના ન કર!**

**પર્યાયનું સામર્થ્ય બેહદ છે તે અહીં બતાવવું છે. દ્રવ્ય - ગુણ તો પૂરા છે જ; પરંતુ તેની પૂર્ણતાને સ્વીકારનાર કોણ છે? દ્રવ્ય - ગુણ પૂરા અને વર્તમાન પર્યાય પણ પૂરી છે; તે પર્યાયનું જે અનંત સામર્થ્ય છે, તે સામર્થ્યને તો જ્ઞાનની પર્યાય જ જાણે છે. જો કે, જાણનાર જ્ઞાનનો ઉપયોગ તો અસંખ્ય સમયનો**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**છે, પરંતુ 'અસંખ્ય સમયમાં પૂરું સામર્થ્ય છે' એમ તે નથી જાણતું, પણ 'એકેક સમયની અવસ્થામાં પૂરેપૂરું સામર્થ્ય છે' એમ તે જાણે છે, અને તેની એક સમયમાં પ્રતીતિ કરે છે. પૂર્ણને જ્ઞાનમાં લેતાં અસંખ્ય સમય લાગે છે, પરંતુ તેની પ્રતીત તો એક જ સમયમાં છે.**

ભગવાનને પૂર્ણ દશા પ્રગટ થઈ તે પૂર્ણ દશામાં પૂરેપુરું જ્ઞાન અને આનંદ - સામર્થ્ય એક સમયમાં છે - આમ જે પર્યાયે કબૂલ્યું, તેનું પણ અનંત માહાત્મ્ય છે, તો પછી દ્રવ્ય - ગુણનાં તો શું માહાત્મ્ય કરવાં!! જે જીવે, પોતાની પર્યાયમાં સિદ્ધની કબૂલાત કરી, તેણે સૂક્ષ્મતાથી તો પોતાના આત્મા સાથે સિદ્ધદશાની એકતા કરી છે, તેનામાં અને શ્રી મહાવીરમાં ક્યાંય આંતરો રહે નહિ.

કોણ આ વાતની હા પાડે છે? કોનું જ્ઞાન આ સ્વીકાર કરે છે? આ વાતને પ્રતીતમાં લેનાર કોણ છે? જેને પોતાના સત્‌માં આ વાત બેઠી, તેને પરની ઓશિયાળી રહેતી નથી. અહો! ભવરહિત થઈ ગયેલા ભગવાનને જેણે પોતાના નિર્ણયમાં બેસાડયા, તેને ભવરહિત ભાવનો કેટલો પોરહ અને કેટલો ઉત્સાહ! એને તે હવે ભવ હોય? જો સિદ્ધ ભગવાનને ભવ હોય, તો એને (-ભવરહિત ભગવાનને જેણે કબૂલ્યા તેને)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભવ હોય, એટલે કે તેને ભવ હોય જ નહિ. સિદ્ધદશાને વાર લાગે એ અહીં પાલવે તેમ નથી. પોતાની પર્યાયમાં સિદ્ધને સમાડયા અને હવે પોતાની સિદ્ધદશાને વાર લાગે એ કેમ ચાલે ? ભાણાં તૈયાર કર્યા, ભાણે જમવા બેસાડયા અને હવે ખાલી ભાણાં ખડખડ ખખડે અર્થાત્ પીરસાતાં વાર લાગે તે પાલવે નહિ; તેમ પોતાની પર્યાયમાં સિદ્ધ ભગવાનને સ્વીકાર્યા, પોતાની પર્યાયરૂપી ભાણું તૈયાર કર્યું અને હવે સિદ્ધદશારૂપી પકવાન પીરસાતાં વાર લાગે તે પાલવતું નથી. **અહો ! જુઓ તો ખરા ! આમાં તો નિર્ણય અને કેવળજ્ઞાન વચ્ચેના આંતરાને તોડી નાખે એટલું જોર છે.**

જેના જ્ઞાનમાં કેવળજ્ઞાનનું પરિપૂર્ણ સામર્થ્ય જણાયું અને તેનો જ મહિમા થયો, તેને 'નિર્ણયરૂપે કેવળજ્ઞાન' પ્રગટી ગયું છે. કેવળજ્ઞાન ફરે તો તેનો નિર્ણય ફરે ! ભલે હજી, વર્તમાન ઉઘાડ, કેવળજ્ઞાન જેટલો નથી, છતાં પણ વર્તમાન નિર્ણયમાં તો આખુંય કેવળજ્ઞાન આવી ગયું છે. ''વિચારદશાએ કેવળજ્ઞાન થયું છે, ઈચ્છાદશાએ કેવળજ્ઞાન થયું છે'' (શ્રીમદ્જી) - એમ જ્યાં કહ્યું છે, ત્યાં પણ આ જ આશય છે. કેવળજ્ઞાનનો નિર્ણય કર્યો તેનું કેવળજ્ઞાન પાછું ફરે જ નહિ - એવી અપ્રતિહતભાવની જ વાત છે 'આ' **તો પોતાના જ અંદરના ભાવો ઘોળાયા છે;**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરનો કોઈ મહિમા કરતું નથી, સૌ પોતાના જ ભાવોને ઘોળી રહ્યાં છે.

'સુખી કેમ થવાય' તેની આ વાત ચાલે છે. જેઓ સિદ્ધ થઈ ગયા છે, તેમને માટે આ વાત નથી પરંતુ જેઓ સિદ્ધ થવાના છે, તેમને સિદ્ધ થવા માટેની આ વાત છે. સિદ્ધદશામાં ભગવાનને અગુરુલઘુગુણના કારણે ઉત્પાદ - વ્યય થાય છે, તેમને તો દરેક સમયે પૂર્ણ આનંદ છે; છતાં પર્યાય તો બદલ્યા જ કરે છે એટલે કે પહેલી પર્યાયનો જે આનંદ છે તે જ આનંદ બીજી પર્યાયમાં નથી, પરંતુ તેના જેવો જ બીજી પર્યાયનો બીજો આનંદ છે. આ રીતે સિદ્ધદશામાં આનંદની જાત બદલતી નથી પરંતુ કાળ બદલી જાય છે.

અહીં કોઈને એમ થાય કે સિદ્ધ ભગવાનનો આનંદ છે, તેમાં આ આત્માને શું? તેને કહે છે કે ભાઈ! સિદ્ધને આનંદ છે, એમ નક્કી કોણ કરે છે? નક્કી કરનાર પોતે છે કે બીજો? નક્કી કરનારે, પોતાના જ્ઞાનનો જ મહિમા કર્યો છે, અને તેમાં સિદ્ધ અને કેવળજ્ઞાની, એ તો બધાય નિમિત્ત તરીકે આવ્યાં છે.

કોનાં જ્ઞાનમાં આ વાત સમજાય છે? આ વાત કોનું જ્ઞાન કબૂલે છે? ભગવાનનું જ્ઞાન કબૂલે છે કે પોતાનું જ્ઞાન કબૂલે છે? પોતાનું જ જ્ઞાન કબૂલે છે. પુણ્ય - પાપના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાવમાં  અટકનારું જ્ઞાન, આ કબૂલતું નથી, પરંતુ પુણ્ય - પાપરહિત સિદ્ધદશા તરફ વળેલું જ્ઞાન, આ કબૂલે છે. અરૂપી ચૈતન્યઆત્મ તેજના માહાત્મ્ય પાસે જગતમાં કોઈનું માહાત્મ્ય નથી. આત્માનું ચૈતન્ય - તેજ કેવળજ્ઞાનરૂપે પરિણમે છે, ત્યારે તો ચાર ક્ષાયોપશમિક જ્ઞાનોનું માહાત્મ્ય પણ રહેતું નથી; આવો ચૈતન્યસ્વરૂપી ભગવાન આત્મા, પોતે જ સ્વતંત્રપણે પરિપૂર્ણ જ્ઞાન અને સુખરૂપે થાય છે

તેથી તે જ 'સ્વયંભૂ' છે. 'સ્વયંભૂ' એટલે સ્વતંત્રપણે આત્માનું જ્ઞાન-સૌખ્યરૂપ પરિણમન તે જ મહિમાવંત માંગળિક છે.

**જેણે એક આત્માની પરિપૂર્ણ દશા જ્ઞાનમાં કબૂલી તેણે પોતાના જ્ઞાનમાં અનંતા સિદ્ધાત્માઓનો સ્વીકાર કર્યો અને પોતાનું પણ તેવું  જ સ્વરૂપ છે એમ કબૂલ્યું એટલે તેણે ભંગ - ભેદનો નકાર કર્યો. જેવી મારા જ્ઞાનમાં જણાણી છે, તેવી જ સિદ્ધદશાસ્વરૂપે પરિણમવું તે જ મારો સ્વભાવ છે. ઊણીદશા કે ભંગ - ભેદરૂપે પરિણમવું, તે મારું સ્વરૂપ નથી. 'સિદ્ધને હું જાણું છું' એમ બોલાય છે પણ ખરેખર તો 'હું મારી જ પર્યાય ને જાણું છું', તેમાં તેઓ જણાઈ જાય છે - એવું મારું સામર્થ્ય છે!! આમ સ્વનું બહુમાન આવવું જોઈએ.**

**દરેક જીવ, જો કે પોતાની જ પર્યાયના સામર્થ્યને**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાણે છે, પરંતુ તેને પોતાના જ્ઞાનનો ભરોસો આવતો નથી, તેથી તે પરનું બહુમાન કરવામાં રોકાય છે અને સ્વને ભૂલી જાય છે, પરંતુ 'હું મારા જ્ઞાન-સામર્થ્યને જાણું છું, પરને હું ખરેખર જાણતો નથી, અને મારું જ્ઞાનસામર્થ્ય તો પરિપૂર્ણ છે', એમ સ્વનો મહિમા આવે, તો કોઈ પરનો મહિમા આવે નહિ. આત્મા પોતે અસંખ્યપ્રદેશે, અનંતગુણનો પિંડ છે, તેને સંભારતાં તો, આખો પિંડ પર્યાયમાં આવી જાય છે, એક સમયની અવસ્થામાં, અનંતગુણનો પિંડ, વર્તમાનરૂપ આવી જાય છે, અને તેનો એક સમયમાં ખ્યાલ કરનાર મારી પર્યાય છે, આ રીતે જ્ઞાનની પોતાની અવસ્થાના સામર્થ્યના ગાણાં ગવાણાં છે!

અહો! આજ તો અપૂર્વ ભાવો આવ્યા છે. આત્મામાં આ ભાવોને ઓગાળવા જેવા છે. પોણી કલાક એકધારી અપૂર્વ વ્યાખ્યા આવી છે. આવી સરસ વાત કોઈ વખતે થઈ નથી. આજે તો કોઈ જુદી જ જાતથી ઘૂંટાણું છે ... અલૌકિક અમૃત નીકળ્યું છે!!... આ રીતે અપૂર્વ માંગળિક થયું. ....

(શ્રી આત્મધર્મ - અંક ર૯માંથી સાભાર)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



श्री परमात्मने नम :

# पूज्य गुरुदेव श्री कानजीस्वामी का दिपावलीके मांगलिक प्रसंग पर अति भाववाही प्रासंगिक प्रवचन

## दि : ४.११.१९४५

श्री महावीर स्वामी आज निर्वाण पधारे अर्थात् सिद्ध हुए और श्री गौतम स्वामी को केवलज्ञान प्रगट हुआ। इसी तरह ज्ञानमें लेकर जीव निर्वाण - कल्याणक - महोत्सव मनाते है।

श्री महावीर प्रभुजी तो २५२६ वर्ष पहले ही निर्वाण दशा को प्राप्त हो गए थे, फिर 'आज ही प्रभुजी ने निर्वाण प्राप्त किया' ऐसा क्यों कहते है?

**वास्तवमें कोइ जीव केवलज्ञानी और सिद्ध भगवान को जानता नहीं, परंतु अपनी ही पूर्णता को जानता है।** अपनी पर्याय का सामर्थ्य भी ऐसा ही है, उसे वर्तमान करके जानता है। केवलज्ञान और सिद्ध दशा के सामर्थ्य को पक्का करनेवाला ज्ञान, स्वयं वर्तमानरुप है, और वह वर्तमान से ही जानता है, जिससे सामने वाले ज्ञेय को भी वर्तमानरुप करके ही जानता है। ''सिद्ध भगवान

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



भूतकाल में हो गये'' ऐसा नहीं, किंतु ''वर्तमान ही जानते है'' ऐसे, बीच के काल को निकाल कर, ज्ञेयरुप सिद्धभगवानको भी वर्तमान ही किया।

**द्रव्य ओर गुण तो हर एक पर्याय के साथ ही वर्तमान अखंड है** । मेरा द्रव्य - गुण ओर उसकी जानने रुप पर्याय, ये तीनो वर्तमान में ही रहे, और सामने ज्ञेय में द्रव्य - गुण - पर्याय के खंड हो जाये, ऐसा होगा ही नहीं अर्थात् ज्ञेयरुप सिद्ध भगवान की पर्याय वर्तमान, और द्रव्य - गुण भूतकाल में ऐसा नहीं होगा; परंतु जैसे यहां ज्ञान वर्तमानरूप ही है, वैसे ही सामने ज्ञेय भी, वर्तमान रूप ही है। ज्ञान पूर्ण, ज्ञेयद्रव्य को वर्तमान करके जानता है, अर्थात् पर्याय के भूत - भविष्य ऐसे भेद को छोडकर सभी पर्यायो से अभेद रुप पूरा ही द्रव्य वर्तमान है, ऐसा ज्ञान जानता है।

''भूतकालमें महावीर स्वामी सिद्ध हुए'' ऐसा ज्ञान जानता नहीं है; परंतु ''वर्तमान में ही सिद्ध हुए'' ऐसा जानता है, जिसमें ज्ञान और ज्ञेय दोनो द्रव्य की अखंडता को लक्षमें लिया है। भूत या भविष्य की अवस्था से ज्ञान जानता नहीं, परंतु वर्तमान अवस्था से ही जानने का कार्य करता है और द्रव्य - गुण तो वर्तमान रुप ही है। इस प्रकार द्रव्य - गुण - पर्याय से अखंड वस्तु वर्तमान रुप ही है और सामने अगर ज्ञेय वस्तु पूरी वर्तमान न हो तो उपादान - निमित्त का (ज्ञान - ज्ञेय का) मेल ही होता नहीं है ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**भूत - भविष्य काल की पर्याये, है तो सही, उसकी ना नहीं है; परंतु यहां तो दूसरा न्याय कहना है । आज किस शैली से आता है वह ध्यान रखना ।** ख्याल करनेवाला वर्तमान से ही ख्याल करता है कि, भूत - भविष्य की पर्याय से ख्याल करता है? सामने के ज्ञेय का ख्याल तो वर्तमान में ही करता है न ! जैसे यहां ज्ञान वर्तमान ही हे वैसे सामने के ज्ञेय में भी, भूत - भविष्य को भूल जा । (भूत - भविष्य की पर्याय के भेद को छोडकर सभी पर्यायो से अखंडरुप वस्तु को वर्तमान ज्ञेयरुप करके जान!) यहां उपादानमें एक समय में अखंड ज्ञान सामर्थ्य है ओर सामने निमित्तरुप लोकालोक भी एक समय में पूरा है । यहां ज्ञान वर्तमानरुप पूरा हो ओर सामने ज्ञेय वर्तमानरुप पूरा न हो ऐसा हो सकता ही नहीं ।

''एक समय सो सर्व समय'' (श्रीमद्‌जी) मतलब क्या? **कि एक समय में ही वस्तु पूरी है, दूसरे समय की पूर्णता दूसरे समय है ओर तीसरे समय की तीसरे समय है । ऐसे हर समय वस्तु पूर्ण है;** परंतु बहुत समय इकठ्ठा होने के बाद वस्तु की पूर्णता होती है ऐसा है नहीं।

**वर्तमान ज्ञान, वर्तमान ज्ञेय को अखंड करके जानता है इसीलिये वास्तव में तो स्वयं एक समय में पूरा वर्तमान है इसका स्वीकार है।** क्या ज्ञेय वस्तु का कोइ भाग भूत - भविष्य में

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



वर्तता है कि वर्तमान ही पूरा है? वर्तमान ही पूरा है इसीलिये ज्ञान में पूरा ज्ञेय आ जाता है । काल को लंबा करके भूत - भविष्य पर्याय के भेद को लक्ष में लेना वो व्यवहार है । **परमार्थ से गुण पर्यायो सहित एक ही समय में पूरा द्रव्य वर्तमान है।** समय समय होने वाली पर्याय वह अखंड गुण - द्रव्य को एक एक समयमें वर्तमान रुप टीकाकर रखती है । जैसे कोइ वस्तु की पर्याय को देखते ही ज्ञान में अखंड को प्रतीत में लेकर कहता है कि: पूरी वस्तु दिखती है ऐसे ही जिस जिस का ज्ञान करता है उसको वर्तमान पूरा बनाता है, भूत-भविष्य भी बाकी नहीं रह जाता - ऐसा ज्ञान स्वभाव है; जिससे 'श्री महावीर प्रभुजीने पहले सिद्धदशा पाइ' ऐसा भूत से ख्याल करता नही 'प्रभुजी ने आज ही सिद्धदशा पाइ' ऐसा वर्तमान ख्याल करता है।

अहो! सिद्धदशा में आत्मा परिपूर्ण ज्ञान-आनंददशा रुप परिणमित हो गया । सिद्धदशा में भी आत्मा का उत्पाद - व्यय - द्रव्यपना होता है, वहां परिपूर्ण ज्ञान - दर्शन - सुख - वीर्य आदि अवस्थारुप हर एक समय उत्पन्न होता है । पुरानी अवस्था का व्यय होता है और सादि अनंत सिद्धदशा में आत्मा ध्रुवपणे कायम रहता है। सिद्ध भगवान रागादि विकार रहित ओर शरीर आदि संयोग रहित पूर्ण ज्ञान - सुख इत्यादि स्वभावरुप परिणमते है । ऐसा जो जीव अपने ज्ञान में जाना, उस ज्ञान में अनंत सामर्थ्य है । **'एक समय में सिद्ध भगवान**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**पूर्ण है' ऐसा जो ज्ञान निश्चित करता है, वो ज्ञान ऐसा प्रतीत करता है कि,मैं भी एक समय में सिद्ध समान पूर्ण स्वरुपी हुं।**

पुण्य पाप से रहित ओर ज्ञानादि अनंत गुणो के पिंडरुप अकेला आत्म - स्वभाव, उसकी एक शुद्ध पर्याय के परिपूर्ण सामर्थ्य को जिसने प्रतीत में लिया उसे, वर्तमान पर्याय में भगवान तरफ के विकल्प का राग होने पर भी, अपने ज्ञान को उससे अधिक रखकर (ज्ञान को राग से अलग करके) अपनी पर्याय के अनंत सामर्थ्य का ज्ञान किया, 'आज प्रभाते प्रभुश्री के आत्माने, परम, पवित्र मुक्त दशा पाइ' ऐसा भगवान की तरफ के लक्ष का जो विकल्प है, वह तो राग है, **परंतु सिद्ध स्वभाव की एक समय की पर्याय का सामर्थ्य अपने असंख्य समय के उपयोगवाली पर्यायमें स्वीकार करनेवाले जीवको ज्ञान ओर उस ज्ञान के सामर्थ्यकी एक समय में प्रतीत उस विकल्प से अधिक हुए है । ज्ञान ओर प्रतीतरुप उस पर्याय स्वभाव की ओर एकता की है ओर विभाव से अधिकता (भिन्नता) की है।**

उस अधिक (भिन्न) हुए ज्ञान ने शरीरादि सर्व पर - द्रव्यो का अपने में अभाव ही बनाया है अथात् वह कीसी परवस्तु को तो अपना स्वरुप मानता ही नहीं, ओर स्वभाव के बल से विकार को तुच्छ बनाया है अर्थात् अस्थिरता में विकल्प होने पर भी 'ये मुझे लाभदायक हे ही नहीं' ऐसी प्रतीत से उस तरफ का बल तोड दिया है

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



। इस प्रकार पर से भिन्न ओर विकारसे अधिक (भिन्न) हुआ जिसका ज्ञान है, ऐसा जीव अल्पकाल में विकार का संबंध सर्वथा तोडकर सिद्ध होता है । इसमें फेर होता ही नहीं। स्वयं के ज्ञान सामर्थ्य के बल से विकल्प से अधिक (भिन्न) होकर जो ज्ञान आगे बढा, वह विकल्पको तोडकर सिद्ध हो ही जाता है । **विकल्प ओर राग का द्रष्टिमें तो पहले से अभाव है ही परंतु अस्थिरता में भी विकारको तुच्छ किया । विकारका वस्तु में अभाव ओर अवस्था में तुच्छता जिसे पहले से है, वो ही जीव, स्थिरता द्वारा अवस्था में भी विकारका अभाव करके सिद्ध हो जाता है।** जिसके ज्ञान मे सिद्धभगवान के अनंत ज्ञान - सामर्थ्य की स्वीकृति आइ ओर उसे आत्म स्वभाव की स्वीकृति आइ है ओर जिसे आत्म स्वभाव की स्वीकृति आइ है उसे अपनी सिद्धदशा कि भी स्वीकृति आइ है । कहते है कि 'जीव सो जीनवर ओर जीनवर सो जीव'।

**आत्मा का स्वभाव जाननेरुप है । जैसा है वैसा आत्मा जाने । जाननहार है वह सबको जानता है । चैतन्य किताब में 'नहीं जानना' ऐसा चिन्ह ही नहीं । 'मात्र जानना' उसमें विकल्प कहां रहा? जानने में, विकल्प करके अटकनेका, चैतन्य का स्वरुप नहीं।** ऐसे विकल्प को तुच्छ करके, अपने ज्ञान सामर्थ्यको जिसने अधिक (भिन्न) किया, उसने सिद्धदशाके सामर्थ्यका पूरा ख्याल किया।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**सिद्ध भगवान वास्तव में परको जानते नहीं, परंतु अपने ज्ञान की अवस्थामें, जानने की पूर्ण शक्ति प्रगट हो गइ तो, वे अपने ज्ञान - सामर्थ्य को ही जानते है । उसी प्रकार सिद्ध भगवान की पवित्रता के सामर्थ्य का जिसने ख्याल किया वह जीव भी वास्तव में सिद्ध भगवान के अनंत सामर्थ्य को नक्की करनेवाला अपनी निर्मल पर्याय के सामर्थ्य को ही जानता है ।** अपनी निर्मलदशा को वर्तमानरुप करके जानने पर सामने निमित्तरुप ज्ञेयमें अनंत सिद्ध भगवंतो ओर तीर्थंकर भगवंतो को ओर (वैसे ही) संतो - मुनिओको वर्तमानरुप प्रगट करके, जानता है । सामने ज्ञेय वर्तमान हुए बिना वर्तमान ज्ञानपर्याय उसे जाने किस तरह?

देखो तो सही: यह निर्वाण कल्याणक की महिमा! 'भगवान महावीर आदि भूतकाल में सिद्ध हुए' ऐसा में नहीं जानता, परंतु वर्तमान ही हुए, ऐसा जानता हुं अर्थात् मानो अभी ही साक्षात् अपने सन्मुख ही वे सिद्ध होते है, ऐसी शैली से कथन किया है । 'प्रभुश्री आज मोक्ष पधारे' ऐसे विकल्प में जो कि पर - सन्मुख वलण है, परंतु यदि उस वलण को तोडकर, ज्ञान - सामर्थ्य आगे बढता जाये तो ही, उस ज्ञान ने सिद्ध पर्याय को देखा है, प्रतीत में लिया है ।

**सिद्ध दशा को स्वीकार करनेवाला जीव वास्तवमें अपनी पर्याय के सामर्थ्य को ही देखता है। सिद्ध कि आत्मा**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**परिपूर्ण शुद्ध शक्तिपनसे, उत्पाद और व्यय से नित्य शुद्ध टिका हुआ है । इसका निर्णय करनेवाला कोन है? यदि सूक्ष्मतासे देखे तो, जिसने सिद्धका निर्णय किया है, उसने अपनी सिद्धदशाका ही निर्णय किया है ओर वह सिद्ध होगा ही.....**

इस 'प्रवचनसार' शास्त्रकी शुरुआतमें श्रीकुंदकुंद भगवान मांगलिकरुपसे नमस्कार करते हुए कहते है कि, उन सभी को साथमें तथा हरएक को प्रत्येकको, फिर वंदन करु में मनुष्य क्षेत्रमें वर्तते अर्हंतको । जिनको स्वयं नमस्कार करते है, उनको भी वर्तमानरुप स्वीकार करके नमस्कार करते है । आचार्य प्रभु कहते है कि यह मेरी मोक्ष - लक्ष्मी के स्वयंवर के समान परम निग्रंथताकी दिक्षाका महोत्सव है । **इसीलिए स्वयंवर मंडपमें अनंत सिद्धो - अरिहंतो - आचार्यो आदि पंचपरमेष्ठियों को वर्तमानरुप करता हुं, मतलब कि अधूरी ओर पूर्णदशा के बीच का अंतर निकालकर में उनको प्रणाम करता हुं। अहा! कितना अपूर्व जोर है । जैसेकी पंच परमेष्टि भगवंत सामने साक्षात् बिराजमान है ओर वे उनकी उपस्थितिमें मोक्षदशाको पा रहे है, ऐसे भाव उतारे हैं।**

**पहले हो गये, उन सभीको वर्तमानमें हाजिर करता हुं । इसमें वास्तवमें तो पर्याय ओर द्रव्य के बीच का अंतर निकालकर, सामान्य - विशेष को एक किया है - उसमें स्वभाव**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**द्रष्टिका जोर है। 'भूतमें हुए उन सिद्धोको वर्तमान करता हुं' इसमें भी वास्तव में पर के सामर्थ्य को जानता नहीं; परंतु स्वयंकी पर्याय के पूर्ण सामर्थ्य को, वर्तमानरुप करके प्रतीतिमें लेता है।**

श्री महावीर भगवंतको परिणामिक स्वभाव (रुप) भाव-पूर्ण शुद्धदशा (मुक्ति) कहीं बाहरमें नहिं हुइ थी, परंतु आत्मा में ही हुइ थी । **'पावापुरी में भगवान ने निर्वाण प्राप्त किया ओर उर्ध्व श्रेणी करके मोक्षमें गए' यह तो बाहरमें व्यवहार का कथन है 'उंचे क्षेत्रमें जाने के बाद आत्माकी मुक्ति हुइ' ऐसा नहीं है, किंतु आत्मा स्वयं ही मुक्तदशा स्वरुप हो गया है ।**

'यह' आत्माकी सिद्धदशा के सामर्थ्यकी महिमा हो रही है, किंतु उस दशाके सामर्थ्यको कौन स्वीकारता है? कौन उसकी प्रतीति करता है? पुण्य - पाप रहित, क्रम रहित, प्रत्येक समयमें परिपूर्ण ज्ञान - स्वभावरुपसे अनंतानंत काल तक उत्पाद हुआ करता है - ऐसी जो सिद्धदशा, उसकी जो आत्मा, प्रतीति ओर महिमा करे, वे आत्मा अपने निर्मल स्वभाव - ज्ञान के अलावा किसका आदर करेंगे? किसे मानेंगे? **जो स्वयं के सिद्ध समान स्वभाव -सामर्थ्यका विश्वास करे, तभी उसे सिद्ध भगवानको देखना आया है । सिद्ध भगवानको देखनेवाला ओर उनकी महिमा करनेवाला वास्तवमें (स्वयंके) अपने सिद्ध भगवानके सामर्थ्यको जाननेरुप पर्याय के**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**सामर्थ्यको ही देखता है, ओर उसकी ही महिमा करता है। परमार्थसे कोइ जीव पर को जानता नहीं, व पर की महिमा करता नहीं ।**

**ध्यान रखना! आजका धोलन अलग ही प्रकारका आता है । इन भावो का विचार कर इनका खूब धोलन करने जैसा है । आज विषय अच्छा आ गया है । अंदरका धोलन बाहर आता है। ये दिपावलीके मांगलिक गाये जाते है ।**

स्वकालको (अपनी अवस्था को) स्वभावकी ओर झुकाना यही सच्ची 'दि - वाली' है । 'दि'– दिन - काल; उसके अपने स्वभाव सन्मुख झुकाए, तभी सच्ची दिवाली कहलायेगी, अर्थात् अपनी अवस्था को स्वभावकी ओर झुकाकर, जो केवलज्ञानरुपी सुप्रभात प्रगटा, वही महा महोत्सव है।

**भगवानश्री मोक्ष पधारे, उसमें यह आत्माको क्या? तथा देवोने रत्न-दिपको आदि से महा महोत्सव किया, उसमें भी यह आत्माको क्या? पर के कारण से यह आत्मा को लाभ नहीं; परंतु सिद्ध भगवानके सामर्थ्य को प्रतीतिमें लेकर जिसने अपनी ही अंतर से महिमा की, वह 'सिद्ध का लघुनंदन' हो गया, वह अल्पकालमें सिद्ध होगा ही।**

**जिसने अपने ज्ञानमें सिद्ध भगवान का निर्णय किया उसको सिद्धदशाका निर्णय ओर उसरुप स्थिरता के बीच (श्रद्धा**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ओर चारित्र के बीच) भले अंतर तो पडता है, ओर उस अंतर को एकदम स्वभाव-सन्मुख होता हुआ ज्ञान स्वीकार भी करता है; किंतु स्वयंने जो निर्णय किया है वह निर्णय 'स्वीकृति' ओर 'स्थिरता' ऐसी दो अवस्थाओ के भेदको भूलकर, वर्तमान पूर्ण द्रव्य को ही प्रतीतिमें लेता है । द्रव्य स्वभाव के स्वीकार का निर्णय, उन दो दशाओके बीच के अंतर को या कमी को स्वीकार नहीं करता । 'भविष्य में सिद्धपर्याय प्रगट होगी' ऐसे भूत-भविष्य को याद करता नहीं, किंतु द्रष्टिके बलसे, पर्याय को द्रव्य के साथ अभेद करके (भूत - भविष्यकी पर्याय को द्रव्यमें वर्तमान समाकर) सिद्धदशा को वर्तमानरुप ही करता है ।**

**'यह' अपूर्व भाव कहते है । इन 'भावोको' आत्मा के साथ परिणमाने जैसा है । आत्मा के भाव के साथ 'इन' भावो को जोड़ देना।**

**जिसको सिद्धभगवानकी सभी भविष्यकालकी पर्यायके सामर्थ्यकी स्वीकृति आइ, उसे स्वपर्यायका स्वसन्मुखपनेका विकल्प टूटे बिना रहेगा नहीं ।**

महोत्सव से पहले, स्वभावकी महिमा आनी चाहिए। स्वभाव को भूलकर, सिर्फ अकेले बाहरकी महिमा करे, वह आत्मा को लाभ का कारण नहीं । किंतु, स्वभावकी महिमा सहित, बाहरमें भी

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



महोत्सव मनाए उसमें तो उपादान - निमित्तका मेल है । अपने स्वभावकी महिमा करे, वहां बाहर में भी भगवानका निर्वाण - कल्याण - महोत्सव आदि निमित्त होते है । एक अपने सिद्ध स्वभावको स्वीकार करनेसे, अनंत सिद्धोकी स्वीकृति उसमें आ गइ है। **यह सामर्थ्य ज्ञान की कला का है, बाहर के ठाठ बाठ का नहीं।**

लाखो, करोडो, मनुष्य आज के दिन की महिमा करते है। ओर 'अहो। आज प्रभुजी मुक्त हुए' ऐसे बहुतो को परकी महिमा आती है; **परंतु उन सभीको जाननेवाले ऐसे अपने ज्ञान-सामर्थ्यका माहात्मय आता नहीं!! (चूं कि) अपना ज्ञान - सामर्थ्य, अपने खयाल में तो आता है परंतु अंतरमें स्वयं उसका विश्वास या रुची करता नहीं परिणति को स्वसामर्थ्य की ओर झुकाता नहीं; किंतु परकी महिमा करने में अटकता है, उस कारण ही केवलज्ञान दशा प्रगट नहीं होती।**

**वास्तवमें हर एक समय ज्ञान की ही क्रिया होती है। जहां जहां मन-वचन-काया की क्रिया होती है, वहां वहां सर्वत्र ज्ञान की क्रिया होती है । मन-वचन-काया तो जड है । भगवान के प्रति मनसे विकल्प, वचन से स्तुति ओर शरीर से वंदन होता है, इसमें किस समय ज्ञान का कार्य नहीं? कौन से आत्म - प्रदेशमें ज्ञानका कार्य नहीं? प्रत्येक समय ज्ञान तो सर्वात्म ज्ञान**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**प्रदेशोमें अपना ही कार्य करता है, ज्ञान सर्वव्यापक है । विकल्प के समय भी, उससे भिन्न रहकर, वह अपना कार्य करता है ।**

**भगवान की ओर के लक्ष के समय, ज्ञान वास्तवमें तो भगवान को जानता नहीं; किंतु भगवान का निर्णय करनेवाला जो ज्ञान - सामर्थ्य है, वह ज्ञान - सामर्थ्य को ही स्वयं जानता है। जिस ज्ञान के ख्यालमें भगवान का सामर्थ्य आया, उस ज्ञानके सामर्थ्यका जिसको माहात्म्य न आए, वह अंतर - सन्मुखता करके भगवान कैसे हो सकता है? स्वरुप सन्मुख देखे तो, हरएक समय अपने ज्ञान का ही माहात्म्य करता है । कभी परका माहात्म्य करता ही नहीं।** अपने ज्ञानमें सिद्ध पर्यायकी प्रतीति करके उसे ही जो धन्य मानता है वह ओर किसी को भी धन्य कैसे माने ? जिसने सिद्धदशा और केवलज्ञानको धन्य माना वे इन्द्र की सामग्री को, रत्नके दीपकोको, पुण्यके विकल्प आदि किसी को भी धन्य मानते नहीं।

आज तो पूर्णानंदी स्वरुप प्रसन्न होकर केवलज्ञान प्रगट हो वे धन्य है! पुण्यसे स्वभावका बडप्पन नहीं। क्या धर्म का फल, पुण्य होता है? जैसे छः खंडका धनी चक्रवर्ती राजा रीझे, ओर प्रसन्न होकर कहे कि मेरे लायक कोइ काम बताओ । मांग, जितना चाहिए उतना मांग । तु जो मांगे वह में देने में समर्थ हूं इसीलिए मेरे पाससे मांगना हो सो मांग । ऐसे चक्रवर्ती राजा प्रसन्न हो ओर मांगने का कहे,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



तब यदि उसे कहे कि ‘यह मेरे आंगनका कचरा निकाल दे। यह तो कुछ मांगना कहलाता है ? अरे भाइ ! तुने क्या मांगा ? कचरा निकालने का काम क्या चक्रवर्ती राजा से लिया जाता है? ऐसे यहां पूर्ण आत्मस्वभाव प्रसन्न होता है । किसे प्रसन्न होता है? जो जीवने सिद्धभगवान का निर्णय किया ओर अपने ऐसे परिपूर्ण स्वभावका निर्णय किया, उस जीवको स्वभाव प्रसन्न होता है । जहां स्वभावको निर्णयमें लिया, वहां पूर्ण स्वभाव प्रसन्न होकर कहता है कि; मांग! मांग! जो दशा चाहिए वह देनेको तैयार हूं ! तुझसे हो सके उतना हो! जितनी हद तक होना हो, उतनी हद तक हो । पूर्ण सिद्धपद मांग! में तत्क्षण तुझे दे दूं! ....

इस तरह जिस पर्यायरुप स्वयं होना चाहे वह पर्याय स्वभाव मे से प्रगट हो सकती है । जहां पूर्ण स्वभाव रीझा है, वहां केवलज्ञान ओर सिद्धपद रुप होने के बजाय, ऐसा जो कहता है कि: ‘मुझे तो पुण्यरुप होना है’ (अरेरे!) तुझे मांगना ही नहीं आया ! ‘ चक्रवर्ती को कचरा निकालने का कहे’, ऐसे पूर्ण ज्ञान स्वभाव से तूने ‘विकार के छिलके की मांग की!! भाई रे! तूने क्या मांगा? पूर्ण स्वभाव को जिसने नहीं जाना, वह पूण्य की मांग करता है । पूर्ण स्वभावमें तो एक समयमें केवलज्ञान ओर सिद्धपने होने की ताकत है; तुझसे हो सके उतना हो । ‘पुण्यपने होना है ऐसा नहीं मांग, सिद्धपने

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



होने की भावना कर । ओर जितना हो सके उतना हो । **अस्थिरता रह जाए उसे जान, परंतु उस रुप होने की भावना न कर।**

**पर्याय का सामर्थ्य बेहद है, वह यहां बताना है । द्रव्य - गुण तो पूर्ण है ही, परंतु उसकी पूर्णता को स्वीकारने वाला कोन है? द्रव्य - गुण पूर्ण ओर वर्तमान पर्याय भी पूर्ण है, उस पर्यायका जो अनंत सामर्थ्य है, उस सामर्थ्य को तो ज्ञान की पर्याय ही जानती है । जबकी जाननेवाले ज्ञानका उपयोग तो असंख्य समयका है, परंतु 'असंख्य समयमें पूर्ण सामर्थ्य है, ऐसा वह नहीं जानता, परंतु एक - एक समय की अवस्थामें, पूरा पूरा सामर्थ्य है' ऐसा वह जानता है, और उसकी एक समयमें प्रतीत करता है । पूर्ण को ज्ञानमें लेनेमें असंख्य समय लगता है, परंतु उसकी प्रतीत तो एक ही समयमें होती है।**

भगवान को पूर्ण दशा प्रगट हुइ, उस पूर्ण दशामें पूरा पूरा ज्ञान ओर आनंद-सामर्थ्य एक समयमें है - ऐसा जो पर्यायने स्वीकार किया उसका भी अनंत माहात्म्य है । तो फिर द्रव्य - गुण का तो क्या माहात्म्य करना!! **जिस जीव ने अपनी पर्यायमें सिद्ध का स्वीकार किया, उसने सूक्ष्मतासे तो अपने आत्माके साथ सिद्धदशाकी एकता की है । उसमें और श्रीमहावीरमें कहीं भी अंतर रहे नहीं ।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



कौन इस बात का स्वीकार करता है? किसका ज्ञान यह स्वीकार करता है? इस बात को प्रतीत में लेने वाला कौन है? जिसे अपने सत् में यह बात बैठी, उसको पराधीनता रहती नहीं । अहो! भवरहित हुए भगवान को जिसने अपने निर्णयमें बैठाया, उसे भवरहित भावका, कितना हर्ष और कितना उत्साह, क्या उसे भव हो? यदि सिद्ध भगवान को भव हो तो उसे (भवरहित भगवान का जिसने स्वीकार किया उसे) भव हो, मतलब कि, उसे भव होगा ही नहीं । सिद्धदशाको देर लगे ऐसा यहां मंजूर नहीं । अपनी पर्याय में सिद्धको समाया ओर अपनी सिद्धदशाको देर लगे, ऐसा कैसे चले? थाली तैयार की, थाली पर भोजन करने बिठाया ओर अब खाली थाली खडखड बजे अर्थात् परोसनेमें देर लगे, यह मंजूर नहीं। ऐसे अपनी पर्याय में सिद्ध भगवान का स्वीकार किया अपनी पर्यायरुपी थाली तैयार की ओर अब सिद्धदशारुपी पकवान परोसनेमें देर लगे, यह मंजूर नहीं । **अहो! देखो तो सही। इसमें तो 'निर्णय' ओर 'केवलज्ञान' के बीच के अंतरको तोड़ डाले, उतना जोर है।**

जिसके ज्ञान में केवलज्ञान का परिपूर्ण सामर्थ्य ख्यालमें आया ओर उसकी ही महिमा हुइ उसे निर्णयरुपसे केवलज्ञान प्रगट हो गया है । केवलज्ञान फिरे तो उसका निर्णय फिरे । भले, अभी वर्तमान प्रगट ज्ञान केवलज्ञान जितना नहीं, फिरभी वर्तमान निर्णय में तो पूर्ण

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



केवलज्ञान आ गया है। 'विचारदशा से केवलज्ञान हुआ है, इच्छादशा से केवलज्ञान हुआ है' (श्रीमद्‌जी) ऐसा जहां कहा है, वहां भी यही आशय है । केवलज्ञान का निर्णय किया उसका केवलज्ञान वापस फिरे ही नही, ऐसे अप्रतिहतभाव की ही बात है । **'यह' तो अपने ही अंदर के भावो को धोला है । पर की कोइ महिमा करता नहीं, सभी अपने ही भावोको धोल रहे है ।**

**'सुखी कैसे हो' उसकी यह बात चलती है । जो सिद्ध हो गए है उनके लिए यह बात नहीं, परंतु जिसे सिद्ध होना है उसे सिद्ध होने के लिए यह बात है। सिद्धदशामें भगवान को अगुरुलघु गुण के कारण उत्पाद-व्यय होता है । उनको तो प्रत्येक समय पूर्ण आनंद है, फिर भी पर्याय तो बदलती ही रहती है अर्थात् पहली पर्याय का जो आनंद है वो ही आनंद दूसरी पर्याय में नहीं । परंतु उस जैसा ही दूसरी पर्याय का दूसरा आनंद है । इस प्रकार सिद्धदशामें आनंद का रुप बदलता नहीं किंतु काल बदल जाता है ।**

यहां किसीको ऐसा हो कि सिद्ध भगवान को आनंद है, उसमें 'यह' आत्मा को क्या ? उसे कहते है कि भाई ! सिद्ध को आनंद है, ऐसा निर्णय कौन करता है ? निर्णय करनेवाला स्वयं है, कि कोइ दूसरा ? निर्णय करनेवाले ने अपने ज्ञान की ही महिमा की है, ओर

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



उसमें सिद्ध ओर केवलज्ञानी, ये सब तो निमित्तरुप आये है ।

**किसके ज्ञानमें यह बात समझमें आती है? यह बात किसका ज्ञान स्वीकारता है? भगवानका ज्ञान स्वीकारता है कि अपना ज्ञान स्वीकारता है? अपना ही ज्ञान स्वीकारता है । पुण्य - पाप के भावमें अटकनेवाला ज्ञान यह स्वीकारता नहीं, किंतु पुण्य - पाप रहित, सिद्धदशाकी ओर झुका हुआ ज्ञान, यह स्वीकारता है ।** अरुपी चैतन्य आत्मतेज के माहात्म्य के सामने, जगतमें किसीका माहात्म्य नहीं । आत्मा का चैतन्य तेज, केवलज्ञान रुप परिणमता है, तब तो चार क्षयोपशमिक ज्ञान का माहात्म्य भी रहता नहीं । ऐसा चैतन्य स्वरुपी भगवान आत्मा स्वयं ही स्वतंत्ररुपसे परिपूर्ण ज्ञान ओर सुखरुप होता है इसलिए वही 'स्वयं भू' है । 'स्वयं भू' अर्थात् स्वतंत्ररुप आत्मा का ज्ञान - सौख्यरुप परिणमन वो ही महिमावंत मांगलिक है ।

**जिसने एक आत्मा की परिपूर्णदशा का ज्ञानमें स्वीकार किया, उसने अपने ज्ञानमें अनंता सिद्धात्माओं का स्वीकार किया ओर अपना भी वैसा ही स्वरूप है, ऐसा स्वीकार किया अर्थात् उसने भंग - भेद का अस्वीकार किया । जैसी मेरे ज्ञानमें जनित गयी है, वैसी ही सिद्धदशा स्वरुप परिणमना वही मेरा स्वभाव है । न्यूनतम दशा के भंग - भेदरुप परिणमना ये मेरा स्वरुप नहीं।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'सिद्ध को में जानता हूं' ऐसा कहा जाता है, किंतु वास्तवमें, 'में मेरी पर्याय को ही जानता हूं', उसमें वे जनित जाते है। ऐसा मेरा सामर्थ्य है । ऐसा 'स्व' का बहुमान आना चाहिए।

प्रत्येक जीव, जो कि अपनी ही पर्याय को जानते है, परंतु उन्हे अपने ज्ञान का विश्वास आता नहीं, जिससे वह परका बहुमान करने में अटकता है ओर स्वको भूल जाता है । परंतु 'में मेरे ज्ञान सामर्थ्य को जानता हूं, पर को में वास्तवमें जानता नहीं ओर मेरा ज्ञान सामर्थ्य तो परिपूर्ण है', ऐसे स्वकी महिमा आए तो किसी परकी महिमा आए नहीं । आत्मा असंख्य प्रदेशे व अनंत गुणोका पिंड है, इसे स्वीकार करके तो पूरा पिंड पर्यायमें आ जाता है । एक समय की अवस्थामें अनंत गुणोका पिंड वर्तमानरुप आ जाता है । ओर उसका एक समयमें ख्याल करने वाली - मेरी पर्याय है । इस प्रकार ज्ञान की अपनी अवस्था के सामर्थ्य के गीत गाये गये है ।

अहो! आज तो अपूर्व भाव आये है । आत्मा में इन भावो को धूलाने जैसा है, पोना घंटा एक सरखी (जैसी) अपूर्व व्याख्या आयी है । ऐसी सरस वात (पहले) कभी हुइ नहीं । आज तो किसी अलग प्रकार से धोलन हुआ है । अलौकिक अमृत निकला है । इस प्रकार अपूर्व मांगलिक हुआ ।

(श्री आत्मधर्म - अंक २६में से साभार)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates




Please inform us of any errors on rajesh@AtmaDharma.com